૭

વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટેની ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટેની સમિતિની રચના કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૪/NB-૧૭૫/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૧૯/૦૨/૨૦૨૦

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) વિભાગનો તા.૩૦/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ

ઠરાવ:-

૧. વંચાણે લીધેલ ઠરાવ (૧)થી વિચરતી અને વિમુક્ત જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને રૂ.૪૦,૦૦૦/- લેખે સહાય આપવા ઉત્તમ કક્ષાના આવાસીય વિદ્યાલયમાં સર્વશ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટે ટેલેન્ટ પુલનું નિર્માણ કરવા માટેની યોજના અમલમાં છે.

૨. વંચાણે લીધેલ ઠરાવ (૨)થી માત્ર વર્ષ ૨૦૧૪-૧૫ પૂરતી આ યોજનાના સરળ અમલીકરણ માટે આદિજાતિ વિકાસ વિભાગે પસંદ કરેલ શાળામાં રાજ્યના ૫૦ વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓની પસંદગી કરી આ શાળાઓ સાથે કરાર કરી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી વાર્ષિક રૂ.૪૦,૦૦૦/- વિદ્યાર્થી દીઠ ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટે સમિતિની રચના કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. પુખ્ત વિચારણાના અંતે વિચરતી અને વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ માટે અમલિત ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત શાળાઓની પસંદગી કરવા માટે નીચે મુજબની સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/ સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |
| ૨. | અધિક મુખ્ય સચિવ/ અગ્ર સચિવ/ સચિવશ્રી, શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૩. | નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૪. | કમિશ્નરશ્રી, શાળાઓ | સભ્ય |
| ૫. | સંયુક્ત સચિવ/ નાયબ સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૬. | કાર્યપાલક નિયામક, ઇ.એમ.આર.એસ. | સભ્ય |
| ૭. | સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ | સભ્ય સચિવ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની તા.૦૭/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાનાઃ-

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

(૩) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, ગુજરાત રાજ્ય ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર

(૭) કમિશ્નરશ્રી, કમિશ્નર શાળાઓની કચેરી, ૯/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૮) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૯) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૦) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૧૧) સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ [નિયામકશ્રી(વિ.જા.) મારફત]

(૧૨) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)

(૧૩) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ

(૧૪) સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય

(૧૫) સિલેકટ ફાઇલ